# નિવેદન

મારે પીએચ.ડી. કરવું છે, એવો પ્રસ્તાવ આદરણીય ડૉ. કાન્તિસર પાસે મૂક્યો અને પ્રથમ મુલાકાતમાં જ તેઓએ આ પ્રસ્તાવ સ્વીકાર્યો અને મારું કાર્ય શરૂ થયું. મારા સંશોધન કાર્યમાં જ્યાં જ્યાં હું રોકાઈ અને અંધકાર છવાઈ ગયો અને મને કંઈ સૂઝ ન પડતી, એવા સમયે ડૉ. કાન્તિસરે મને સતત માર્ગદર્શન આપી આ મહાશોધનિબંધના સંશોધન કાર્યમાં મને હંમેશા મદદ કરી છે. જો તેઓએ મને માર્ગદર્શન પૂરું ના પાડ્યું હોત તો આ કાર્ય મારા માટે ઘણું મુશ્કેલ બની જાત.

આ મહાશોધનિબંધનું કાર્ય પાર પડ્યું છે એની પાછળ સૌપ્રથમ મારા માતા (જ્યોત્સનાબેન બ્રહ્મભટ્ટ) અને પિતા (પ્રફુલ્લભાઈ બ્રહ્મભટ્ટ)ના આશિર્વાદ છે. મારી બહેન (દિપલ બ્રહ્મભટ્ટ) ડગલે ને પગલે મને સાથ આપ્યો છે, જેમના વિના આ કાર્ય શક્ય જ ન બનત એ મારા મોટાબહેન છે. જેમ કોઈ પણ કાર્યમાં અવરોધ તો આવવાના જ, તે સમયે ભાઈ (જયેશ)નો સપોર્ટ રહ્યો છે.

મારા માર્ગદર્શક ડૉ. કાન્તિસર ઉપરાંત પ્રો. ભરત મહેતાસરે આ મહાશોધનિબંધની વિષય-પસંદગીથી માંડી સંશોધનના દરેક તબક્કે આ કાર્યમાં મને મદદ કરી છે અને દિપકભાઈ વ્યાસ, જેમણે પીએચ.ડી.ના કાર્યમાં મહાશોધનિબંધને મઠારવામાં મદદ કરી છે, તેથી એમનો જેટલો આભાર વ્યક્ત કરું એટલો ઓછો છે.

અંતે મ. સ. વિશ્વવિદ્યાલયના ગુજરાતી વિભાગનો ખૂબ ખૂબ આભાર કે જ્યાં મારાં વ્યક્તિત્વ ઘડતરનો પાયો નંખાયો છે અને અંતે ઈશ્વરનો આભાર માનીશ કે જે દરેક કાર્યમાં મારી સાથે હોય છે અને આ કાર્યમાં પણ મારી સાથે રહી આ મહાકાર્ય પાર પાડવામાં મારી સહાય કરી.

હેમલ પ્રફુલ્લકુમાર બ્રહ્મભટ્ટ

વડોદરા.